## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હે દિનાનાથ...આ પેટ્રોલ અને લીંબુ તમે ના બનાવ્યા હોત તો બહુ સારૂ હતુ...!!!



ડભોડાથી શ્રી બહુચરાજી ધામ પગપાળા સંઘ ગાંધીનગરથી પસાર થયો હતો. સરગાસણ નજીક આ પગપાળા સંઘે વિસામો લઈ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યા હતા.



બહારગામથી કોઈ ગાંધીનગર આવે તો તેને અહીંના માર્ગો ખુબ સરસ લાગે પરંતુ શહેરના માર્ગો પર ક્યાંક ક્યાંક ભૂવા પડેલા નજરે ચઢી જ જાય છે. ગમે તેટલુ રીપેરીંગ કામ કરવા છતાં વારંવાર ભૂવા પડે છે. ઘ-રોડ ઉપર પ્રેસ ચોકડી પાસે હાલમાં નાનો ભૂવો પડ્યો છે. જોકે અંધારામાં તે અકસ્માત સર્જે તેવી પણ દહેશત રહે છે.

# પુનિતવનમાં નવીનીકરણથી જીવસૃષ્ટિને નુકસાનની ભીતી

## તળાવના પુરાણ કરવાની કામગીરીથી તેમાં રહેલી જીવસૃષ્ટિ માટે જીવદયાપ્રેમીઓમાં તંત્ર સામે રોષની લાગણી


ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં વધતા જતા વિકાસકાર્યોના પરિણામે જીવસૃષ્ટિને મુશ્કેલીઓ થઈ રહી છે. ગ્રીન સીટી તરીકે ઓળખાતા આ શહેરમાં ગ્રીનરીની સાથે સાથે જીવસૃષ્ટિ પણ અગત્યનો ભાગ છે. જેમાં કાળા અને સફેદ બતક પણ જોવા મળે છે. આ તળાવને તાજેતરમાં પુરવાની કામગીરી કરવામાં આવી રહી છે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યુ હતુ.

વન વિભાગ દ્વારા પુનિતવનનો વિકાસ કરવામાં જીવસૃષ્ટિ ન બની જાય તે માટે રોષ પ્રગટ થયો છે. ગ્રીન સીટીમાં પુનિતવન સૌનુ પ્રિય બની ચૂક્યુ છે. કોરોના મહામારી બાદ તાજેતરમાં પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ અવશ્ય પ્રેમીઓને આ તળાવની પુરાણની કામગીરી થતી હોવાનું માલુમ પડતા તેઓમાં રોષની લાગણી પ્રસરી છે. વન વિભાગમાં ફરિયાદો કરવામાં આવી રહી છે આ તળાવનું પુરાણ રોકવાની રજૂઆત કરવામાં આવી રહી છે. અસંખ્ય કમળની સુંદરતા રહેલી છે. પ્રકૃતિને નડતરરૂપ ન બનવા માટેની પ્રકૃતિ પ્રેમીઓની અપીલ છે. ગાંધીનગરમાં પ્રકૃતિ પ્રેમીઓની સંખ્યા વધારે છે. તેઓ પ્રકૃતિને નુકસાન થતું જોઈ શકતા નથી તેથી આ પુનિતવનની







ભજવે છે. જીવસૃષ્ટિનું નામ પડતા જ પુનિતવન યાદ આવી જાય છે. પુનિતવન જેમાં વિવિધ વૃક્ષોની સાથે સાથે વિવિધ જીવસૃષ્ટિનો સમાવેશ થયેલો છે. રાષ્ટ્રીય પક્ષી મોરથી લઈ જાત જાતના પશુ-પક્ષીઓ વસવાટ કરે છે. કમળનું તળાવ મોટા વિસ્તારમાં પથરાયેલું આવી રહ્યો છે. તેવામાં આ નાના બાળ બતકોને આ વિસ્તારમાંથી સ્થળાંતરિત કરી દેવાયા હોય તેવુ જાણવા મળી રહ્યું છે. આ તળાવની કામગીરી હાથ ધરાતા અહીયા રહેતા સાત બાળ બતકો જોવા મળી રહ્યા નથી. પ્રકૃતિપ્રેમીઓ તરફથી આ નવીનીકરણના ભોગ પુનિતવનની મુલાકાતે આવતા જોવા મળે છે. ત્યારે તાજેતરમાં અહીંયા ઘણી જગ્યાએ પ્રવેશ આપવામાં આવી રહ્યો નથી. કારણકે ઘણી જગ્યાએ નવીનીકરણની પ્રક્રિયાઓ ચાલી રહી છે. જીવસૃષ્ટિને છંછેડવી ન જોઈએ તેવી કહેવત છે. પ્રકૃતિ પરંતુ કોઈ જવાબદાર સત્તાધીશ આ ફરિયાદોને સાંભળી રહ્યું નથી. તેથી પ્રકૃતિ પ્રેમીઓમાં જીવદયાની લાગણી હોવાથી રોષ વ્યક્ત થયો છે. ગાંધીનગરનુ ઘરેણું એવું પુનિતવનને નવીન કરવા માટે આ તળાવને બંધ ન કરવું જોઈએ તેવી માંગ ઉઠી છે. તળાવમાં સુંદરતામાં નવા રૂપરંગ આપવામાં જીવસૃષ્ટિને નુકસાન ન થાય તેવી માંગ કરી છે. આ ઉપરાંત વૃક્ષોની કાપણી થઈ રહી છે અને ફૂટપાથ પહોળા બનાવવામાં આવી રહ્યા છે. એક તરફ વૃક્ષારોપણના પોસ્ટરો લાગે છે તો અહીંયા વૃક્ષોની કાપણી કરવામાં આવી રહી છે.

## ખૂણેખાંચરેથી

● ચૂંટણી પંચ દ્વારા યોજાયેલ તાલિમમાં જિલ્લાના બે અધિકારીઓ દિલ્હી પહોંચ્યા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે સભ્યોની વધારે આવન-જાવન મળી હતી.

● જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપ પટેલ આઈકોનીક વીકની ઉજવણીના ઉદ્‌ઘાટન સમારોહમાં ભાગ લેવા દિલ્હી ગયા છે.

● જિલ્લા પંચાયત પ્રમુખના અંગત મદદનીશ વી.ટી. સોની કૌટુંબિક કામને લઈ વિદેશ ગયા છે.

● ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે તેમની સાપ્તાહિકી સમીક્ષા બેઠક અધિકારીઓ સાથે યોજી હતી.

● આજે જિલ્લામાં રાષ્ટ્રીય સલામત માતૃત્વ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો આરોગ્યતંત્ર દ્વારા ઉજવવામાં આવ્યા છે.

● શહેરના નવા સેક્ટરોમાં પુરતા ફોર્સ સાથે અને પુરતા સમય સુધી પાણી નહિ આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં ૧લી એપ્રિલ ૨૦૦૫ પહેલાં નિમણુંક પામેલા શિક્ષકોની બેઠક મળી હતી.

● ગાંધીનગર મનપાના કાયમી સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે તાકીદે બેઠક યોજવા કમિશનરને આવેદન પત્ર આપી રજુઆત કરવામાં આવી છે.

● માણસાની કે.બી. પટેલ અંગ્રેજી માધ્યમિક શાળા દ્વારા યોજાયેલ વાર્ષિક રમતોત્સવમાં ''બિસ્કીટ ઈટીંગ'' નામની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

● પાલજ મહાકાળી મંદિર ખાતે દેવી ભગવત કથાનું આયોજન કરાયુ છે.

# માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ ખાતે પ્રશિક્ષણાર્થી બહેનોનો વિદાય અંગેનો શુભેચ્છા સમારંભ

ગાંધીનગર, તા. ૧૧

માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે ડી.એલ.એડ.ની બીજા વર્ષની પ્રશિક્ષણાર્થી બહેનોનો વિદાય અંગેનો શુભેચ્છા સમારંભનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને સંસ્થાના નિયામક ભગવાનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના આચાર્યબહેન સુરેખાબહેને પુસ્તક ભેટ અર્પણ કરી આવકાર્યા હતા અને પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું. તેમણે પ્રશિક્ષણાર્થી બહેનોને જીવનમાં માતા-પિતાનું મહત્વ અને વિદ્યાર્થી જીવનના મૂલ્ય અંગે સરસ વાત કરી હતી. તેમણે પ્રશિક્ષાણાર્થી બહેનો બોર્ડમાં ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ્રથમ વર્ષ અને બીજા વર્ષની પ્રશિક્ષણાર્થી બહેનોએ પોતાના સંસ્મરણો રજૂ કર્યા હતા. સંસ્થાના અધ્યાપિકા બહેન જયાબહેને પ્રશિક્ષણાર્થી બહેનોને આશીર્વચન પાઠવતાં કહ્યું હતું કે બે વર્ષની અધ્યાપન મંદિરની તાલીમ થકી પ્રશિક્ષાર્થી બહેનોના જીવનમાં કેવો નિખાર આવ્યો છે તે અનુભવી શકાય છે. તેમણે પ્રશિક્ષણાર્થી બહેનોને પરીક્ષામાં સારા પરિબળો પ્રાપ્ત થાય અને જીવનમાં ઉત્તરોત્તર



પ્રગતિ કરતાં રહો તે અંગે શુભેચ્છા પાઠવી હતી. સંસ્થાના નિયામક ભગવાનભાઈ પટેલ પોતાના વક્તવ્યમાં માતૃહૃદયી વ્યક્તિત્વ માત્ર માતામાં જ નહિ પરંતુ શિક્ષક પણ ધરાવે છે અને વિદ્યાર્થી જીવનમાં પરિવર્તન લાવી શકે છે તેની હૃદયસ્પર્શી રજૂઆત કરી હતી. ભણવા માટે માત્ર ફેમીલી બેકગ્રાઉન્ડ કે આર્થિક સક્ષમ પારિવારિક વાતાવરણ જરૂરી નથી, આપબળે મહેનત અને લગનથી જીવનમાં આગળ વધી શકાય છે.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના અધ્યાપિકા બહેન ડૉ. જાગૃતિ મોદીએ કર્યુ હતુ. સંસ્થામાં ગાયત્રી યજ્ઞનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. યજ્ઞના યજમાન પદે ભગવાનભાઈ પટેલે પૂજાવિધિ કરી હતી અને તમામ પ્રશિક્ષણાર્થી બહેનો તથા સ્ટાફે ઉત્સાહપૂર્વક પૂજાવિધિમાં ભાગ લીધો હતો તથા પ્રસાદી ગ્રહણ કરી હતી.



કડવા પાટીદાર સમાજ ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગરના ઉપક્રમે ઉમા ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરાયુ છે. આ ક્રિકેટ ટૂર્નામેન્ટના ઉદ્દઘાટન કાર્યક્રમ જે.એસ. પટેલ ક્રિકેટ ક્લબ ખાતે યોજાયો હતો.



ઉનાળાની આકરી ગરમીમાં પીવાના પાણીની જરૂરીયાત વધતી જાય છે. એસટી ડેપો ખાતેની પાણીની પરબે મુસાફરોના ટોળા જામે છે. ઠંડુ પાણી મુસાફરોની તરસ છીપાવી રહ્યું છે. જો કે યોગ્ય જાગૃતિ ન હોવાથી પાણીનો બગાડ પણ ખુબ જ થઈ રહ્યો છે.

# કુડાસણ મુંબઈ બજાર સેલના પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૧

કુડાસણ મુંબઈ બજાર સેલના પાર્કિંગમાંથી ગત તા.૩૦ માર્ચના રોજ રાત્રીના સમયે બાઈકની ચોરી થવા પામી છે. રૂ.૩૫ હજારની બાઈક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ મુંબઈ બજાર સેલમાં રહેતા સુરજીત અશરફી રામ છેલ્લા ત્રણ વર્ષથી ઘરવખરીની ચીજવસ્તુ નું વેચાણ કરે છે. જયારે પોતાના ઉપયોગ માટે હીરો સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.ડી.એચ.-૭૧૪૨ હતું. ગત તા.૭ માર્ચના રોજ સાંજના ૬ વાગે સુરજીતે બાઈક મુંબઈ બજાર સેલની બાઉન્ડ્રીમાં બાઈક પાર્ક કર્યુ હતું. ત્યારબાદ ફરીયાદીના સાળાનું લગ્ન હોવાથી તે બિહાર વતન ગયો હતો. જયારે ફરીયાદીનો નાનો ભાઈ અજીત વેપાર કરતો હતો.ગત તા.૩૦ માર્ચના રોજ સવારે અજીતનો ફોન આવ્યો હતો કે રાત્રીના દોઢ વાગે જાગીને જોતા બાઈક પાર્ક કરેલ જગ્યાએ હતું. પરંતુ સવારે ૭ વાગે ઉઠીને જોતા તે પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું.જેથી રૂ.૩૫ હજારના બાઈક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરા ગામની સીમમાં રેલ્વે લાઈન પાસેથી જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક આવેલા વડોદરા ગામની સીમમાં રેલ્વે લાઈન નજીક પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર જુગારીઓને ડભોડા પોલીસે પકડી પાડી રૂ.૧૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે વડોદરા ગામ પાસે આવતા હેડ કોન્સ્ટેબલ સંજયકુમાર અને કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહને ખાનગી રાહે સંયુકત બાતમી મળી હતી કે વડોદરા ગામની સીમમાં રેલ્વે લાઈન નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો કુંડાળુ વળીને જુગાર રમી રહ્યા છે.જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ રેઈડ પાડતા જુગાર રમી રહેલા રણજીતજી પ્રહલાદજી ઠાકોર (ઉં.૩૦ કલાજીનો વાસ ગામ વડોદરા), બાબુજી ભીખાજી ઠાકોર (ઉં.૪૪ કાઠીવાળો વાસ ગામ વડોદરા), દિલિપ મફાજી ઠાકોર અને મહેશ પ્રહલાદજી ઠાકોરને જુગાર રમતા પકડી પાડ્યા હતા.પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૦,૮૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# અડાલજ થી પુંધરા સુધી ફિલ્મી સ્ટાઈલ થી પીછો કરી પોલીસે વિદેશી દારુ ભરેલી કાર ઝડપી પાડી

## કારમાંથી ૩૩ પેટી વિદેશી દારૂ ઝડપાયો, પોલીસે ૭.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર એલસીબી પોલીસની ટીમે અડાલજ થી પુંધરા ગામ સુધી ફિલ્મી સ્ટાઈલ થી કારનો પીછો કરી કારમાંથી વિદેશી દારુની ૩૩ પેટી તેમજ ૧૬૦ નંગ છુટક દારૂ મળી કુલ રૂ.૭.૭૦ લાખનો મુદ્દામાલ પકડી પાડયો છે. પોલીસે દારૂ ભરેલી કારનો ૫૧ કિલો મીટર સુધી પીછો કર્યો હતો. આખરે દારુ ભરેલી કાર પુંધરા નજીક ઝાડ સાથે ટકરાઈ હતી. જયારે કારમાંથી બે શખ્સો ઉતરીને ખેતરમાં દોડ્યા હતા. તે પૈકી એક શખ્સને પોલીસે પીછો કરી પકડી પાડ્યો હતો. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા જિલ્લામાં ગેરકાયદેસર વિદેશી દારુની હેરાફેરી પર ચાંપતી નજર રાખી પરિણામલક્ષી કામગીરી કરવા સુચના આપી છે. જેને પગલે એલસીબી પીઆઈ જે. એચ. સિંધવના માર્ગદર્શન હેઠળ સ્ટાફના



કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે સમયે બાતમી મળી હતી કે વિદેશી દારૂનો જથ્થો ભરેલી કાર મહેસાણા થી અમદાવાદ જવાની છે. આ બાતમીને પગલે એલસીબી-૨ ની ટીમે અડાલજ ત્રિ મંદિર પાસે વોચ ગોઠવી દઈ બાતમીવાળી કારની રાહ જોઈ રહ્યા હતા. તે દરમિયાન બાતમીવાળી કાર આવતા પોલીસે તેને ઉભી રાખવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ કારના ડ્રાઈવરે કાર ગાંધીનગર તરફ દોડાવી દીધી હતી. જેથી પોલીસે પણ તે કારનો પીછો કર્યો હતો. અડાલજ થી કાર દોડાવી સરગાસણ થઈ ઘ-૦ થી ઘ માર્ગ પર પસાર કરીને પેથાપુર ચોકડી વટાવી દીધી હતી. તેમ છતા એલસીબી પોલીસે કારનો ફિલ્મી ઢબે પીછો ચાલુ રાખ્યો હતો.તે સમયે પુંધરા ગામ પાસે કારના ચાલકે કાબુ ગુમાવતા કાર ધડાકાભેર ઝાડ સાથે ટકરાઈ હતી. તે સમયે કારમાંથી બે શખ્સો ઉતરીને ખેતરમાં દોડ્યા હતા. જયારે એલસીબી ટીમ પણ કાર સુધી પહોંચી ગયા બાદ દોડતા શખ્સોને પકડવા માટે જવાનોએ દોટ મુકી હતી. પરંતુ બે શખ્સો પૈકી એક શખ્સને દોડીને એલસીબીએ દબોચી લીધો હતો. જયારે એક ભાગી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેની પુછપરછ કરતા શખ્સે તેનુ નામ સુરેસ મોહનભાઈ સરગડા (રહે. ડોહુંવા સિરોહી રાજસ્થાન), તેમજ ફરાર શખ્સનું નામ નરપતસિંહ (ગીરવર શિરોહી) હોવાનું જણાવ્યું હતું. જયારે એસક્રોસ કારમાં તપાસ કરતા પોલીસને ૩૩ પેટી વિદેશી દારુ તેમજ ૧૬૦ નંગ છુટક બોટલનો જથ્થો મળી આવ્યો હતો. આ દારૂનો જથ્થો ગીરવરના અશોક ઉર્ફે અશ્વિન રૂપારામ પ્રજાપતિએ નરપતસિંહને કારમાં ભરી આપ્યો હતો. જયારે દારૂ ભરેલી કાર અમદાવાદ શાહપુર ના અલ્તાફ કઠીયારાને રીંગરોડ પહોંચીને ફોન કરીને આપી દેવાની હતી. ત્યારબાદ કાર ખાલી કરીને પરત અલ્તાફ આપી જવાનો હતો અને ત્યાં સુધી નજીકની હોટલમાં રોકાણ કરવાનું હતું. પરંતુ પોલીસે વિદેશી દારુનો જથ્થો બે મોબાઈલ ફોન અને કાર મળીને કુલ રૂ.૭.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાર શખ્સો સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રામનવમીની ઉજવણી કરાઈ

## સેવા વસ્તી, સેક્ટર-૩૦ના વંચિત લોકોને ભોજન પીરસવામાં આવ્યું



ગાંધીનગર, તા.૧૧

ભગવાન રામના પ્રાગટ્ય દિવસ નિમિત્તે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા દાતાઓના સહયોગથી મુક્તિ ધામ પાસે આવેલ સેવા વસ્તી, સેક્ટર-૩૦ના વંચિત લોકોને ખુબ જ પ્રેમપૂર્વક મીઠાઈ સાથે ભોજન પીરસવામાં આવ્યું હતું. સહુ વસ્તીવાસીઓ એ ભરપેટ સ્વાદિષ્ટ ભોજનનો લાભ લીધો હતો.

ભારતમાં અન્નદાનનો મહિમા અપરંપાર છે અને તેમાંય ચૈત્રી નવરાત્રીમાં ખુબ જ મોટા પ્રમાણમાં લોકોને ભોજન કરાવાય છે. ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રામનવમીના પવિત્ર દિવસે આયોજિત કાર્યક્રમમાં ઉદગમના ટ્રસ્ટી ડૉ. મયુરભાઈ જોષીએ પધારેલ સહુ મહાનુભાવો અને દાતાઓનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ સંજયભાઈ થોરાટ "સ્વજન" એ બાળકોને ભગવાન રામની વાર્તા કહીને બાળકોને ભગવાન શ્રી રામના ગુણોમાંથી માર્ગદર્શન લઈને જીવનમાં આગળ વધવા જણાવ્યું હતું. મુખ્ય મહેમાન ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ - ૫ ના નગરસેવક હેમાબેન ભટ્ટ એ બાળકોને ભણી ગણીને આગળ વધવા અને જયારે પણ માર્ગદર્શનની જરૂર પડે ત્યારે પોતાના પૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

ત્યારબાદ સહુ પધારેલ મહાનુભાવો અને દાતાઓ સમરેન્દ્ર સીંગ અને દેવેશ ગુપ્તાએ તેમના પરિવાર સાથે રહીને રામધૂન બોલાવી અને ભગવાન શ્રી રામનું સ્મરણ કર્યા બાદ ભોજન પીરસવાની શરૂઆત કરી હતી. હાજર સહુ વંચિત સમુદાયના સર્વે એ ખુબ જ આનંદપૂર્વક ભોજનનો સ્વાદ માણ્યો હતો. કાર્યક્રમમાં મંથનભાઈ ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉદગમના કારોબારી સભ્ય મનોજભાઈ જોષીએ સહુનો આભાર માન્યો હતો.

# જંતુનાશક પર પ્રતિબંધ બજારમાં ખાતરની ખેંચ ઊભી કરશે, ખેડૂતોના ખર્ચમાં મોટો વધારો થશે

ગાંધીનગર, તા. ૧૧

કૃષિ મંત્રાલય દ્વારા ૨૭ જેનેરિક એગ્રો-કેમિકલ્સ (કૃષિ-રસાયણો) પર સૂચિત પ્રતિબંધ દેશમાં છોડનું રક્ષણ કરતા રસાયણોની ઉપલબ્ધતા પર માઠી અસર કરશે, કારણ કે આ સ્થાનિક ઉપભોગના લગભગ ૫૦ ટકા માટે ઓળખ કરાયેલા મોલીક્યુલર્સ છે. ગુજરાતમાં કપાસના ખેડૂતો માટે પેન્ડિમિથેલિન પર પ્રતિબંધ મોટા પાયે નુકસાનકારક પુરવાર થશે, કારણ કે એનો કોઈ વિકલ્પ નથી અને આ ઉત્પાદનની ભલામણ કૃષિ વિશ્વવિદ્યાલયોએ કરી છે. સરકારે ભારતમાં પેન્ડિમિથેલિનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત રજૂ કરી છે, પણ હજુ પણ આ રસાયણ વપરાશમાં છે અને અમેરિકા, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, મેક્સિકો, જાપાન, કોલંબિયા, ચીનમાં એનો બહોળો ઉપયોગ થાય છે.

કપાસના પાક માટે મોટા ભાગના જંતુનાશકો પર સૂચિત પ્રતિબંધથી એકરદીઠ વાવેતરના કાચા માલના ખર્ચમાં બમણો વધારો થઈ શકે છે. જયારે અહમદનગરના રાહુરીમાં મહાત્મા ફૂલે કાશી વિદ્યાપીઠે ભલાણણ કરેલા પ્રેક્ટિસના પેકેજ મુજબ હાલના જંતુનાશક (એસિફેટ)નો છંટકાવ એક વાર કરવાનો કુલ ખર્ચ એકરદીઠ રૂ. ૪૫૦ આવે છે, ત્યારે પંજાબ કૃષિ વિશ્વવિદ્યાલય દ્વારા સૂચિત વૈકલ્પિક ઉત્પાદનોના છંટકાવનો ખર્ચ વધીને એકદીઠ રૂ. ૯૫૦ આવશે, જેનાથી આંતરિક ચીજવસ્તુઓ માટેનો ખર્ચ લગભગ બમણો થઈ જશે. સારાં વર્ષોમાં દરેક પાક પર ત્રણ વાર છંટકાવની જરૂર પડે છે. સૂચિત વિકલ્પો કપાસના પાકનું સંપૂર્ણ અર્થતંત્ર ખોરવી નાંખશે.

# મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલના જનરલ સર્જનનો સન્માન સમારોહ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે આવેલી મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલ છેલ્લા ૩૫ વર્ષથી ગાંધીનગર જિલ્લાના તથા આસપાસના ખેડા, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા વગેરે જિલ્લાના ૩૦૦થી પણ વધુ ગામના ગરીબ દર્દી ભાઈ-બહેનોની રાહત દરે સેવા કરે છે. સરકારની આયુષમાન ભારત યોજના પણ હોસ્પિટલમાં ચાલે છે. હોસ્પિટલમાં જનરલ સર્જરી, ગાયનેક સર્જરી, આંખના ઓપરેશનો, ઓર્થો સર્જરી, કાન-નાક-ગળા સર્જરી, કેન્સર સર્જરી, હિમોડાયાલીસીસ વગેરે અનેક પ્રકારના મગજ અને હૃદય સિવાયની સારવાર તથા ઓપરેશનો થાય છે. હોસ્પિટલમાં જનરલ સર્જન તરીકે સેવા આપતા મા. ડૉ. હેતલભાઈ ચૌધરી તથા આંખ વિભાગમાં ઓપ્ટોમેટ્રીસ્ટ તરીકે સેવા આપતા હસમુખભાઈ પાટિલનો સન્માન સમારોહ સંસ્થાના ઉપપ્રમુખ જયંતિભાઈ પટેલ, મંત્રી રમેશભાઈ પટેલ, સહમંત્રી અવિનાશભાઈ પટેલ, ટ્રસ્ટી વિનાયકભાઈ પટેલ તેમજ ગામના આગેવાનોની હાજરીમાં સફળતાપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગના ઉપક્રમે તેઓનું શાલ, બુકે અને મોમેન્ટોથી સન્માન કરી તેઓને વિદાય આપતી વખતે સંસ્થાના ટ્રસ્ટીગણ તથા તેઓની સાથે સેવા આપતો કર્મચારી ગણ ભાવુક બની ગયો હતો. સંસ્થા તેઓની સેવાઓ માટે સદાય તેઓની ઋણી રહેશે.